# પરિષદ-પ્રમુખનો પત્ર

ઘરને ખૂણે એક-બે વિદ્વાન મિત્રો જોડે વાતચીત કરતાં અચાનક જ મને એ વાતનું ભાન થયું કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હિટલરના સૈન્યો દ્વારા જીતી લીધેલા બે દેશોમાં પ્રજા દ્વારા અહિંસક લડત અપાયેલી તેની જાણ મિત્રોને નહોતી. નૉર્વેના કબજા પછી હિટલરના મળતિયા ક્વિઝલિંગના શાસનમાં આખી શિક્ષણપદ્ધતિમાં પાઠ્યક્રમો બદલીને સરમુખત્યારશાહીને અનુકૂળ એવા બનાવવાના પ્રયાસો થયા ત્યારે ત્યાંના શિક્ષકો અને અધ્યાપકોએ એનો શાંતિમય રીતે પ્રતિકાર કરેલો. આખા દેશના લગભગ તમામ પ્રાથમિક અને માધ્યમિક કક્ષાના શિક્ષકોએ તાનાશાહી પાઠ્યક્રમ ભણાવવા ઇન્કાર કરેલો અને તેમ કરતાં શાસનનો ખોફ વહોરી, પારાવાર કષ્ટો સહન કરવા છતાં મચક તેમણે નહોતી આપી. પરિણામે હિટલર અને તેના મળતિયા શાસને પોતાના પાઠ્યક્રમ પાછા ખેંચી નૉર્વેના જૂના પાઠ્યક્રમને માન્ય કરેલો. નાઝી દળોએ ડેનમાર્કમાં કબજો મેળવ્યા પછી પોતાની જાણીતી યહૂદી-વિરોધી નીતિને અમલમાં મૂકવા એક એવો વટહુકમ બહાર પાડ્યો કે બધા યહૂદી નાગરિકો ઘર બહાર નીકળે ત્યારે પોતાની બાંય પર પીળા પટ્ટા બાંધવા, કે જેથી દેશમાં ફરજ બજાવતો કે રખડતો કોઈ પણ નાઝી સૈનિક એ નાગરિકનું કોઈ પણ કારણ વિના, મોજને ખાતર અપમાન કરી શકે – એમને ગાળો ભાંડી શકે, એમના મોં પર થૂંકી શકે, અને પોતાને સૂઝે એવી જાતજાતની રીતે એને નીચા કે હલકા બતાવી શકે. એક જ દેશના એક ખાસ જૂથ કે વર્ગને આમ નોખા પાડી એને અપ્રતિષ્ઠિત કરવાનો આ હિટલરશાહી નુસખો ડેન્માર્કના રાજા અને પ્રજાને ગળે ઊતર્યો નહીં. વટહુકમનો જાહેરમાં અનાદર કરવાનું તો બધાને ફાવે એમ ન લાગ્યું. પણ એ વટહુકમના હેતુને નિરર્થક બનાવવાનો એક કીમિયો ડેન્માર્કની પ્રજાએ શોધી કાઢ્યો. એમણે નિર્ણય કર્યો કે યહૂદી-ખ્રિસ્તી સૌ નાગરિકોએ ઘરની બહાર નીકળે ત્યારે બાંય પર પીળા પટ્ટા બાંધવા. પાટનગર કોપનહેગનની બધી સડકો પીળા પટ્ટાવાળા લોકોથી જ ઊભરાઈ ગઈ. નાઝી સૈનિકો આ જોઈ આભા જ બની ગયા. આમાં કોણ યહૂદી અને કોણ નહીં, એ કહેવું અશક્ય થઈ પડ્યું. એટલે થોડા ગાળામાં જ આ આદેશ રદ થયો. શસ્ત્રબળ વડે મોટાભાગના યુરોપ પર કબજો મેળવનાર સૈન્યોને પ્રજાના આ સાર્વજનિક શાંતિમય પ્રતિકાર આગળ નમતું જોખવું પડ્યું હતું.

આ હકીકતો તો હવે ઇતિહાસમાં લખાયલી પણ દુનિયાના ઘણાખરા ભણેલાગણેલા બૌદ્ધિકોની યાદદાસ્તમાંથી વીસરાઈ ગઈ છે. આમ થવાનાં ઘણાં કારણોમાં એક મુખ્ય કારણ એ છે કે દુનિયાનાં માધ્યમો હિંસક ઘટનાઓને જેટલી ચગાવીને આલેખે છે તેના પ્રમાણમાં શાંતિમય પ્રતિકારને પ્રગટ કરતી નથી.

વીસમી સદીના છેલ્લા બે દાયકામાં એવી બીજી પણ ઘણી ઘટનાઓ બની છે, જે આપણા ઘણા બૌદ્ધિકોની નોંધ બહાર ગઈ જણાય છે. દાખલા તરીકે ‘શીત યુદ્ધ’ના અંત પછી જુદાં જુદાં રાજ્યો વચ્ચે જેટલાં યુદ્ધો થયાં છે, એના કરતાં એ રાજ્યોની અંદર સશસ્ત્ર અથડામણો ઘણી વધારે થઈ છે. એટલે એમ જોઈએ તો આ યુદ્ધોમાંથી મોટાભાગનાં તો આન્તરવિગ્રહની કક્ષામાં આવી શકે તેવાં હતાં, પણ એની રજૂઆત માધ્યમોએ યુદ્ધની આપવામાં આવી હતી. ૧૯૮૬ના ફેબ્રુઆરીમાં માર્કોસ દેશમાંથી ભાગી ગયો અને કોરાઝોન એક્વિનોએ ફિલિપિન્સની



રજૂઆત જેવી જ કરી હતી. વળી પહેલા વિશ્વયુદ્ધ પહેલાં યુદ્ધોને અંતે મરનારાઓમાં બિન-સામરિક (સિવિલિયન) લોકોની ટકાવારી ૫% જેટલી હતી જ્યારે આજકાલનાં યુદ્ધોમાં લશ્કરી લોકોની સંખ્યા ૨૦% ઓછી અને બિન-સામરિક પ્રજાજનોની સંખ્યા ૮૦%થી વધારે હોય છે.

છેલ્લા બે દાયકાઓથી પ્રજા દ્વારા હિંસા-વિહીન પ્રતિકારના ઘણા જબરદસ્ત પ્રયોગો થયા છે, પણ એ સામાન્યપણે આપણા ધ્યાન બહાર ગયા છે. આપણે એના થોડા દાખલા જોઈએ. ૧૯૭૯માં ઈરાનમાં ત્યાંના શાહને દેશવટો ભોગવવો પડ્યો. આ ત્યાંના ધાર્મિક આગેવાનો દ્વારા આરંભાયેલી. પણ પ્રજા દ્વારા ઝિલાયેલી ટૂંકીસરખી ક્રાંતિકારી ચળવળ હતી. ત્યાર પહેલાં તે દેશમાં હિંસક બળવાના ઘણા અસફળ પ્રયાસો થયા હતા. ૧૯૭૭ની આસપાસ નિષ્કાસિત નેતા ખુમૈનીની આસપાસ બિનહિંસક પ્રતિકારનો આરંભ થયો. ફ્રાન્સમાં બેઠા બેઠા ખુમૈની ટેપ દ્વારા સૂચનો અને આદેશો પાઠવતો. તેની નકલો ઈરાનમાં થતી અને મસ્જિદો દ્વારા આખા દેશમાં એનો પ્રચાર થતો. એ ટેપમાં હડતાળ, બૉયકોટ, જાહેર દેખાવો અને અસહકાર અંગે આદેશ અપાતા, આની સામે શાસને હિંસક સાધનોનો ઉપયોગ કર્યો હતો પણ તે અસફળ થયો હતો અને શાંતિમય પ્રતિકારને ઝડપી સફળતા સાંપડી હતી.

લગભગ બે સદીઓના હિંસક પ્રયાસો પછી પોલૅંડની સોલિડેરિટી ચળવળે ૧૯૮૦માં શાંતિમય સાધનો વાપરવાનો નિર્ધાર કર્યો. ગ્ડાન્સ્કના દરિયાકિનારાના ડક્કાથી એની શરૂઆત થઈ પણ બહુ થોડા વખતમાં એનો ફેલાવો પોલૅંડ દેશના બીજા ઘણા ભાગોમાં થયો. આ ચળવળ પૂરી થઈ ત્યાર સુધીમાં તો પોલૅંડની સાડાત્રણ કરોડની વસ્તીમાંથી લગભગ એક કરોડ લોકો સોલિડેરિટી આન્દોલનમાં ભળી ચૂક્યા હતા. ૧૯૮૧માં મજૂરમહાજનોને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યા ત્યારે ચળવળ ભૂગર્ભમાં થઈ. પણ ભૂગર્ભમાં રહ્યે રહ્યે સોલિડેરિટીએ અનેક પ્રકારનાં બિન-હિંસક આંદોલનો ચાલુ રાખ્યાં. પરિણામે વાટાઘાટો શરૂ થઈ અને છેવટે ૧૯૮૯માં પોલૅંડમાં નવા રાજ્યની સ્થાપના થઈ.

એ જ રીતે સુદૂર બોલિવિયામાં એક પછી એક મોટી થતી પાંચ સામાન્ય હડતાળો પછી ૧૯૮૨માં લશ્કરી વડાઓને ગાદી છોડીને બે વર્ષ પહેલાં ચૂંટણીમાં જીતેલા લોકોના હાથમાં સત્તા સોંપવી પડી. બોલિવિયાની ચળવળની શરૂઆત રાજધાની લા પાઝમાં ત્રણ મહિલાઓના અનશનથી થયેલી અને તે વ્યાપક થઈ ત્યારે તેમાં ખેડૂતો અને મજૂરોએ ભેગા થઈને ચળવળ કરેલી.

આ બાજુ પ્રશાંત મહાસાગરને કાંઠે ફિલિપિન્સમાં રાષ્ટ્રપતિ ફર્ડિનંડ માર્કોસના ૧૩ વર્ષના લશ્કરી રાજ પછી રાજધાની ક્વિઝોન સિટીમાં પ્રજા-જાગરણ થયું. તાનાશાહે પૂરા આત્મવિશ્વાસ સાથે ચૂંટણીની જાહેરાત કરી અને એમાં તેણે ખરાબ રીતે પછડાટ ખાધી. ચૂંટણીમાં પ્રજાના સ્વર્ગસ્થ નેતા બેનિગ્નો એક્વિનોની વિધવા કોરાઝોન જીતી હતી, તે છતાં માર્કોએ પોતે જીત્યો છે એમ જાહેર કર્યું. કોરાઝોન ‘એક્વિનોનું ચૂંટણીનું સૂત્ર ‘સાચી સત્તા લોકોની’ હતું. માર્કોસની છેતરપિંડી સામે સરકારના કેટલાક મુખ્ય અધિકારીઓએ રાજીનામાં ધરી દીધાં. ફિલિપિન્સના બિશપ લોકોની કૉન્ફરન્સે જાહેર કરેલ નિવેદન દેશમાં ઠેરઠેર ખ્રિસ્તી દેવળોમાં વાંચવામાં આવ્યું. જેમાં પ્રજાની અહિંસક પ્રતિકારની ફરજ અંગે સમજૂતી

લોકો દ્વારા કાયદેસર રીતે ચૂંટાયેલી લોકસભામાં રાષ્ટ્રપતિ તરીકે સ્થાન ગ્રહણ કર્યું.

જૂના સોવિયેટ યૂનિયનનાં ૮૯ 'પ્રજાતંત્ર' રાજ્યોમાંથી બાલ્ટિક વિસ્તારના ઈસ્થોમિયા, લિથુયેમિયા અને લેટવિયાથી રશિયાના સામ્રાજ્યના વિગઠનની શરૂઆત થઈ. ત્રણે દેશોએ પોતાની સ્વાયત્તતાની માગણી સારુ શાંતિમય સાધનો વાપરવાનો નિર્ણય કર્યો હતો. સોવિયેટ સૈન્યોના હિંસક હુમલાઓ સામે પણ આ ત્રણે દેશોની પ્રજા અહિંસક રહી. આ દેશની ચળવળને બીજાં સોવિયેટ પ્રજાતંત્રો અને સ્વીડન જેવા યુરોપના સ્વતંત્ર દેશોએ પણ નૈતિક અને રાજનૈતિક ટેકો આપ્યો. એમની સફળતા પાછળ એ પણ એક મહત્ત્વનું કારણ હતું.

બેલારૂસ અને યુક્રેઇનની સ્વતંત્રતા તો સીધી વાટાઘાટોના ટેબલ ઉપર જ નીપજી, જ્યારે ચેચિનિયાએ છૂટા થવા સારુ હિંસક યુદ્ધનો રસ્તો લીધો. એમાં સારી પેઠે ખુવારીને અંતે કામચલાઉ સમાધાન થયું, પણ ત્યાં હજી સુધી સ્વાયત્તતાની માગણી સોએ સો ટકા પૂરી નથી થઈ.

ઉપર મેં જે થોડા દાખલાઓ આપ્યા છે તે આપવાનાં બે કારણો. એક તો 'પરબ'ના વાચકોમાં ઘણા બૌદ્ધિકોને પ્રજાઓની તાજેતરમાં થયેલી ચળવળોની માહિતી પૂરી પાડવા અથવા એ બાબત એમની વિસ્મૃતિ ખંખેરવા. બીજું કારણ આપણા સામાન્ય જીવનમાં જાણ્યે-અજાણ્યે પેસી રહેલા કે પેસી ચૂકેલા એક પ્રદૂષણ તરફ ધ્યાન ખેંચવા. એ પ્રદૂષણ તે આપણાં ઘણાં પ્રસાર-માધ્યમોની 'સમાચાર' અંગેની ભૂલ ભરેલી સમજ. આપણી પ્રજાનું માનસ ઘડવામાં, ખાસ કરીને વાચાળ બૌદ્ધિક મધ્યમ વર્ગનું માનસ ઘડવામાં આપણાં પ્રસારમાધ્યમો ઘણો મોટો ભાગ ભજવે છે. વિચાર અને અભિપ્રાય બનાવવા અને એને વહેતા મૂકવામાં માધ્યમોનો જબરદસ્ત ફાળો હોય છે. આપણામાંથી ઘણા તો છાપાનાં મથાળાં વાંચીને – એ મથાળાં નીચે અને એની લીટીઓની વચ્ચે નિહિત સત્યને જોવા, એનું પૃથક્કરણ કરવા કે સમજવાની ઝડપથી સરકી જતી દુનિયામાં આપણને ફુરસદ હોતી નથી. ઘણા તંત્રીલેખો તો તંત્રીઓના નાના કૂંડાળાથી બહાર નીકળે તો પણ ભાગ્યશાળી ગણાય એમ હોય છે. આમ ઉપરછલ્લા અભ્યાસ (?!)ને લીધે ઘણી વાર આપણે આપણા અભિપ્રાયો બનાવીએ છીએ અને એની ચર્ચા કરીને એને ઘૂંટી ઘૂંટીને પાકા કરીએ છીએ. આ કાચા પાયા પર ઊભેલી ઇમારતના મૂળમાં અર્ધસત્ય, મિથ્યા કે અસત્ય, જીવનમૂલ્યોની ઉપેક્ષા, અવહેલના કે તુચ્છકારભરેલ પાકા હોય છે. અને આપણા સમાજનું લોકમાનસ ઘડવામાં આ બધું બહુ અગત્યનો ભાગ ભજવે છે. જેની ઉપર આપણી આ 'શબ્દવલ્ગના' અસર થાય છે તે 'પ્રજા', 'જનતા' કે 'લોકો' કંઈક અપવાદસ્વરૂપ કિસ્સાઓમાં જ પોતાના આગવા નિર્ણયો લે છે. બાકી એનો હોય છે ગાડરિયો પ્રવાહ. ઘણી વાર તો એની હાલત 'વા વાયો ને નળિયું ખસ્યું, તે દેખીને કૂતરું ભસ્યું; બહુ થયો ત્યાં શોરબકોર, કોઈ કહે 'મેં દીઠો ચોર' જેવી હોય છે. વળી આ પ્રવાહ પ્રવાહી પેટ્રોલ જેવો જરાક તણખો લાગતાં ભડકો થાય એવો હોય છે. અને ઇરાદાપૂર્વક ચિનગારી ચાંપનારાનો આપણે ત્યાં તોટો નથી. જેને મન દેશ કરતાં પક્ષનું, પક્ષ કરતાં જૂથનું, જૂથ કરતાં અંગત હિતનું વધુ મહત્ત્વ હોય; જે માણસજાત કરતાં પોતાના ધર્મને, ધર્મ કરતાં સંપ્રદાયને, સંપ્રદાય કરતાં એની રીતરસમોને અગત્યની ગણતા હોય છે, એવા આગેવાનો આ ગાડરિયા પ્રવાહને પોતાની ધારેલી દિશામાં ખેંચી જવા તત્પર ઊભા હોય છે. પરિણામે અંધેનૈવ તોપખાનાઃ યથાન્ધાઃ જેવી આપણી હાલત થાય છે. આપણી આગળનું આ એક મોટું બૌદ્ધિક સંકટ છે. આ સંકટ પાછળ દેખીતી રીતે જે કારણો કામ કરે છે, તેમાંનાં કેટલાંક નીચે મુજબ છે :

૧. બૌદ્ધિકોના સ્તરે ઊંડા, તટસ્થ અભ્યાસનો અભાવ અને સમાજકલ્યાણ અર્થે નિઃસ્વાર્થ, મૂલ્યનિષ્ઠ, ચિંતન-મનનનો પ્રમાદ;

૨. આપણાં તમામ પ્રકારના પ્રસારનાં માધ્યમો ઉપર સત્ય કરતાં સત્તાનો અને શ્રેયસ કરતાં પૈસાનો વધુ પ્રભાવ;

૩. સેવા, પ્રજાપ્રેમ, ત્યાગ અને પુરુષાર્થને બદલે સ્વાર્થ, દ્વેષ, ઝનૂન કે વારસા જેવા અકસ્માતને લીધે નીપજેલું નેતૃત્વ;

૪. પોતાના કોયડાઓ કોઈ બીજા ઉકેલશે એવી આશા રાખીને બેઠેલ પુરુષાર્થહીન, તેજવિહીન, શરીરસુખવાંચ્છુ મધ્યમ વર્ગ;

૫. પોતાના રોજબરોજના પ્રશ્નોમાંથી ઊંચી ન આવી શકતી મધ્યમ વર્ગ તરફ મોં વકાસીને નિરંતર નિહાળતી લાચાર પ્રજા.

આ બધાં કારણો પાછાં એકબીજા ઉપર અસર કરે તેવાં છે. અને બધું મળીને એ એક વિશાળ વિષચક્ર ખડું કરે છે.

વિષચક્રને તોડવાનો એકમાત્ર ઉપાય – એ ચક્ર ઉપર આપણે જે બિંદુ પર ઊભા હોઈએ ત્યાં જ એની ઉપર આઘાત કરવો એ છે. બીજાની વાટ જોયે પાલવે એમ નથી.

**નારાયણ દેસાઈ**